We are also available on
/ vadodaranewsnetwork
/vnnnewstv
www.vadodaranewsnetwork.com | www.vnngyandesh.com
VNN Vadodara News Network

તમારા માટે તમારી સાથે...

Govt. of India PRGI No. GJMUL/25/A2817

# VNN દૈનિક જ્ઞાનદેશ

■ Email : news@vnngyandesh.com ■ ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધિન VNN GYANDESH [ DAILY] ગુજરાતી-હિન્દી-અંગ્રેજી દૈનિક અખબાર

★ માલિક : વીએનએન ન્યુઝ ટીવી પ્રા. લિ. ★ મુદ્રક-પ્રકાશક- તંત્રી : શાહ અનિકેત રાજકુમાર મો. ૮૦૯૨૮૦૯૨૯૨ ★ વર્ષ : ૧ ★ અંક : ૨★ તા. ૦૨-૧૦-૨૦૨૫ ★ ગુરૂવાર ★ પાના : ૪ ★ કિંમત રૂા. ૧.૦૦ ★ વાર્ષિક લવાજમ : ૩૬૫/-

■ OWNER : VNN NEWS TV PRIVATE LIMITED ■ PUBLISHER, PRINTER, EDITOR : SHAH ANIKET RAJKUMAR ■ VOLUME : 01 ■ ISSUE NO. 2 ■ DATE : 02-10-2025 THURSDAY ■ PAGE : 04 ■ PRICE : RS. 1/-

■ PUBLICATION PLACE : 425, VIHAV TRADE CENTRE, NEAR WAVES CLUB BHAYLI, VADODARA, GUJARAT - 391440. ■ Published From Vadodara. (Guj.) ■ ANNUAL Subscription: 365/-

### ઈન્કમટેકસ તપાસમાં ભાંડો ફુટયો : જમીન પર કેપીટલ ગેઈન ટેકસ ભરાતો નથી : હજારો કેસ ઓળખાયા

## જમીન માલિક - બિલ્ડરના સંયુકત પ્રોજેકટોમાં મોટાપાયે કરચોરી : દેશભરમાં 'તવાઈ' ઉતરશે




નવી દિલ્હી,જમીનમાલિક અને ડેવલપર દ્વારા સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરીને કરાતી કેપીટલ ગેઈન ટેકસની ચોરી આવકવેરા વિભાગના ધ્યાને આવી છે અને આ પ્રકારની ટેક્સ ચોરી પકડવા માટે દેશભરમાં તવાઈ શરૂ કરવાની તૈયારી કરવામાં આવી છે.આવકવેરા વિભાગના સૂત્રોએ કહ્યું કે રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં જમીન માલિક તથા ડેવલોપર સંયુક્ત પ્રોજેક્ટ હાથ ધરતા હોય છે. બન્નેની ભાગીદારી હોય છે અને તેમાં કેપીટલ ગેઈન ટેકસની ચોરી કરવામાં આવે છે. માત્ર કોલકતા અને બેંગ્લોરમાં જ આવા 25000થી 30000 કેસ ઓળખાયા છે. જેને પગલે દેશવ્યાપી ઝુંબેશ હાથ ધરવાનુ નકકી કરવામાં આવ્યુ છે. કાયદાનુસાર જમીનમાલિક દ્વારા ડેવલપર સાથેની ભાગીદારીમાં સંયુક્ત પ્રોજેકટ બાંધવામાં આવે.ત્યારે જમીનની કિંમત પર જમીન માલિકે કેપીટલ ગેઈન ટેકસ ચુકવવો પડે છે. આવતા થોડા દિવસોમાં તવાઈ શરૂ થશે. કેપીટલ ગેઈન ટેકસ વિશે ખુલાસો રજુ કરવા હજારો નોટીસ ઈસ્યુ કરવામાં આવશે.આવકવેરા વિભાગને એવી શંકા છે કે મોટાભાગના સંયુક્ત પ્રોજેકટમાં કેપીટલ ગેઈન ટેકસ ભરવામાં આવ્યો નથી. નોટીસોના આધારે સ્વૈચ્છીક રીતે જ ટેકસ ચુકવશે. નોટીસનો ખુલાસો કે ટેકસ નહીં ભરનારા સામે પછી આકરા પગલા લેવાશે. ગત વર્ષના જ આવા વ્યવહાર હોય તો કરદાતા આવકવેરા રિટર્ન સુધારી શકશે. અગાઉના વર્ષના વ્યવહાર હોય તો 25 ટકા વધુ ચુકવવા પડશે.

## કેન્દ્રીય કર્મચારીઓને દશેરાની ભેટ: 30 દિવસનું બોનસ જાહેર

નવી દિલ્હી : ભારતમાં તહેવારોની મોસમની શરૂઆત થતાં જ કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી છે. નાણાં મંત્રાલયે સોમવારે એક આદેશ જારી કરીને ગ્રુપ-સી અને બિન-રાજપત્રિત ગ્રુપ-બી કેન્દ્રીય કર્મચારીઓ માટે 30 દિવસના વેતન બરાબર નોન-પ્રોડક્ટિવિટી લિન્કડ (એડ-હોક) બોનસની જાહેરાત કરી છે.નાણાં મંત્રાલયના આદેશ મુજબ, નાણાકીય વર્ષ 2024-25 માટે કર્મચારીઓને મહત્તમ 6908 રૂપિયાનું બોનસ મળશે. આ બોનસનો લાભ એવા કર્મચારીઓને મળશે, જેઓ 31 માર્ચ-2025 સુધી સેવામાં રહ્યા હોય અને જેમણે ઓછામાં ઓછા 6 મહિનાની સતત સેવા આપી હોય. આ યોજનામાં કેન્દ્રીય અર્ધસૈનિક દળો અને સશષ દળોના તમામ કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.આ ઉપરાંત, કેન્દ્ર સરકારના પગાર માળખા મુજબ વેતન મેળવતા કેન્દ્ર શાસિત પ્રદેશોના કર્મચારીઓને પણ બોનસનો લાભ




મળશે. સરકારે સ્પષ્ટ કહ્યું કે, જે કર્મચારીઓએ આખું વર્ષ સેવા આપી છે, તેમને 6908 રૂપિયાનું બોનસ મળશે. જોકે, જેમણે પૂરા 12 મહિના કામ કર્યું નથી, તેમને પ્રો-રાટા (કામ કરેલા મહિના મુજબ)ના આધારે બોનસની રકમ ચૂકવવામાં આવશે.કેન્દ્રીય કર્મચારીઓ ઉપરાંત, સરકારે એડ-હોક અને કેઝ્યુઅલ કર્મચારીઓ માટે પણ બોનસ આપવાની જાહેરાત કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી સતત સેવા આપતા કેઝ્યુઅલ કર્મચારીઓને 1184 રૂપિયા બોનસ અપાશે.એડ-હોક બોનસની ગણતરી માટે સરકારે માસિક પગારની મહત્તમ મર્યાદા 7000 નક્કી કરી છે. બોનસની ગણતરી કર્મચારીના સરેરાશ પગાર અથવા મહત્તમ મર્યાદામાંથી જે ઓછું હશે, તેના 30 દિવસના વેતનના આધારે કરવામાં આવશે. ઉદાહરણ મુજબ જો કોઈ કર્મચારીનો માસિક પગાર 7000 છે, તો 30 દિવસનું બોનસ લગભગ 6907 જેટલું થશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી લાખો કર્મચારીઓને મોટો લાભ થશે અને તહેવારોની આ મોસમમાં તેમના ઘરોમાં ખુશીઓ આવશે.(38.8)

### અમેરિકી ટેરિફની અનિશ્ચિતતા ઉપરાંત ફુગાવાની સ્થિતિ 'ફેકટર' બની

## તહેવારો ટાંકણે નિરાશા : વ્યાજદર યથાવત : E.M.I. નહી ઘટે




નવી દિલ્હી: દેશમાં અમેરિકી ટેરીફ મુદે લાંબા સમયથી ચાલી આવતી અનિશ્ચિતતા અને ફુગાવામાં પણ થયેલા થોડા વધારા વચ્ચે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ સાવચેતીનું વલણ અપનાવતા આગામી બે માસ માટે વ્યાજદર યથાવત રાખ્યા છે.સોમવારથી શરુ થયેલી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની મોનેટરી પોલીસી કમીટીની બેઠકના અંતે આજે ગવર્નર સંજય મલ્હોત્રાએ રેપોરેટ 5.5%ની સપાટીએ જાળવી રાખવાની જાહેરાત કરતા દેશમાં તહેવારો સમયે જે રીતે લોકોમાં ખરીદીનો સેન્ટીમેન્ટ સર્જાયો છે તે વચ્ચે વ્યાજદર ઘટાડાની અને કમ સે કમ 25 બેસીસ પોઈન્ટ વ્યાજદર ઘટશે તેવી જે આશા હતી તે પુરી થઈ નથી.રિઝર્વ બેન્કને ફુગાવો વધવાનો ડર છે. જો કે તે હજું રિઝર્વ બેન્કની અંકુશમાં હોવાનો છતા વધતો હોવાનું અને હાલ 2.6%નો અંદાજ મુકાયો છે. જો કે હાલના અનેક પગલાથી દેશનો જીડીપી અંદાજ 6.5% થી વધારી 6.8% કર્યો છે.રૂપિયાની મુવમેન્ટ પર રિઝર્વ બેન્કની નજર હોવાનું જણાવાયું છે. રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે અગાઉ જે વ્યાજદર ઘટાડો થયો છે તેની પુરી અસર થાય ત્યાં સુધી તે રાહ જોવાનું પસંદ કરશે.

**રેપોરેટ 5.5% : બેન્કો અગાઉના ઘટાડાની પુરી અસર આપે તે જરૂરી : ફુગાવો 2.6% પણ વધવાની ચિંતા : જીડીપી અંદાજમાં સુધારો**

### દિવાળીના તહેવારો ટાંકણે જ હોટેલ - રેસ્ટોરાના વપરાશના ગેસના ભાવ વધ્યા

## કોમર્શિયલ રાંધણ ગેસ - વિમાની ઈંધણ મોંઘુ : નાની બચત વ્યાજદર યથાવત

**પોષ્ટ ઓફિસની તમામ બચત યોજનાઓના વ્યાજદર 31 ડિસેમ્બર સુધી યથાવત રાખતી સરકાર : બચતકર્તાને રાહત**

નવી દિલ્હી: દેશમાં નવરાત્રીના તહેવારોના અંત અને હવે દિપાવલીના આગમનની તૈયારી વચ્ચે સરકારે વ્યાપારી ગેસ (એલપીજી)ના 19 કિલોના સિલીન્ડરના ભાવ રૂા.15 પ્રતિ સલીન્ડરનો ભાવવધારો કર્યો છે. વ્યાપારી રીતે હોટેલ, રેસ્ટોરા વિ.માં ઉપયોગમાં લેવાતા આ સિલીન્ડરના ભાવ ભાવ દિલ્હીમાં રૂા.1580 થી વધારી રૂા.1595 થયો છે.આજ રીતે કોલક્તામાં નવો ભાવ રૂા.1700 થયો છે. મુંબઈના ભાવ રૂા.1547 થી રૂા.1754 (ચેન્નઈ) જો કે ડોમેસ્ટીક



14.5 કિલોના સીલીન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. જેથી ગૃહિણીઓ માટે તે મોટી રાહત હશે પણ હોટેલ, રેસ્ટોરામાં ભોજન-નાસ્તાના ભાવ પર થોડી અસર થશે.આવી જ રીતે વિમાની ઈંધણ-એવીએશન ફ્યુલના ભાવમાં પણ મોટો વધારો થયો છે. અગાઉ વિમાની ઈંધણના ભાવ પ્રતિ કિલો લીટર જે રૂા.90713 પર હતા તે વધીને રૂા.93766 થયો છે.આથી એરલાઈન્સ જે વિમાની ટિકીટમાં ફ્યુલ ચાર્જ એડજેસ્ટમેન્ટ તરીકે અલગથી રકમ વસુલે છે તેમાં વધારો થતા વિમાની ટિકીટ થોડી મોંઘી થશે. આગામી સમયમાં જે રીતે વિમાની પ્રવાસમાં ભીડ વધવાની છે તે જોતા મુસાફરોમાં વધારાના નાણા ચુકવવા પડશે.

### નાની બચત વ્યાજદર

બીજી તરફ સરકારે પોષ્ટ ઓફીસ નાની બચત યોજનાના ઓકટોબર-ડિસેમ્બર ગાળાના વ્યાજદર યથાવત રાખ્યા છે. સરકાર દર ત્રણ મહિને આ દરોની સમીક્ષા કરે છે. પીપીએફ, પોષ્ટ ઓફિસ, બાંધી થાપણ યોજના, સીનીયર સીટીઝન બચત યોજના, નેશનલ સેવિંગ સર્ટીફીકેટ તથા સુકન્યા સમૃદ્ધિ યોજના આ તમામ બચત યોજનાના દર 31 ડિસેમ્બર 2025 સુધી યથાવત રહેશે. જે રીતે રિઝર્વ બેન્કના વ્યાજ દર અંગે આજે નિર્ણય આવ્યા છે તે સમયે સરકારના નિર્ણય સૂચક છે.

**આજથી હવે કોમર્શિયલ 19 કિલો સિલીન્ડર રૂા.15 મોંઘુ થયુ : ઘરેલું ગેસના ભાવ યથાવત : વિમાની ઈંધણમાં તોતીંગ ભાવવધારો : હવાઈ સફર મોંઘી થશે**

### કડકડતી ઠંડી પડે તૈયારી રાખજો!

## હિમવર્ષા : "વ્હેલી"; આવતા સપ્તાહમાં જ સિઝનનો પ્રથમ બરફ વરસવાની આગાહી

નવી દિલ્હી :જમ્મુ અને કાશ્મીરના ઊંચાઈ પર આવેલા વિસ્તારોમાં 5 થી 7 ઓક્ટોબર 2025ની વચ્ચે 2025-2026 સિઝનની પહેલી હિમવર્ષા થવાની ભવિષ્યવાણી કરવામાં આવી છે. આ વહેલી હિમવર્ષાથી આ પ્રદેશમાં શિયાળુ પર્યટન ક્ષેત્રને વેગ મળવાની અપેક્ષા છે.આ ઘટના મુખ્યત્વે મજબૂત પશ્ચિમી વિક્ષેપને કારણે થઈ રહી છે, જે ભૂમધ્ય સમુદ્રમાંથી ઉદ્ભવતી એક ઓછા દબાણવાળી સિસ્ટમ છે, જે સામાન્ય રીતે ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદ લાવે છે.શ્રીનગર સ્થિત હવામાન વિભાગ મુજબ આ સિઝનની પહેલી હિમવર્ષાની ભવિષ્યવાણી કરવામાં આવી છે. 5-6 ઓક્ટોબર 2025ના રોજ ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ જેવા લોકપ્રિય સ્થળો અને ઝોજિલા પાસની આસપાસના વિસ્તારો સહિત ઊંચાઈવાળા વિસ્તારોમાં પહેલી હળવાથી મધ્યમ હિમવર્ષા થવાની સંભાવના છે.પર્વતીય પ્રદેશોમાં હળવાથી મધ્યમ હિમવર્ષાથી ગુલમર્ગ જેવા સ્કી રિસોર્ટને ફાયદો થશે, પરંતુ ઝોજિલા જેવા પાસ ખોરવાઈ શકે છે. પશ્ચિમી વિક્ષેપ લદ્દાખ અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોને પણ અસર કરશે, 5-6 ઓક્ટોબરે હિમવર્ષા થવાથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે અને 7 ઓક્ટોબર સુધીમાં ઘાટીમાં લઘુત્તમ તાપમાન 5-8ઓ સેલ્સિયસ સુધી ઘટી જશે. હવામાન મોડેલો ગુલમર્ગ, સોનમર્ગ અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષાની શક્યતા દર્શાવે છે, જે આ મનોહર લેન્ડસ્કેપને શિયાળાના અદ્ભુત નજારામાં બદલી શકે છે. નીચલા વિસ્તારોમાં તાપમાન અને હિમવર્ષાની તીવ્રતાના આધારે વરસાદ અથવા હળવી હિમવર્ષા થઈ શકે છે.રાજદાન ટોપ, સિન્થન ટોપ, ઝોજિલા પાસ, પીર કી ગલી અને માર્ગન ટોપ જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે, જેના કારણે રસ્તાઓ બંધ થઈ શકે છે અને વાહન વ્યવહાર ખોરવાય શકે છે. ગુલમર્ગ, સોનમર્ગ, ગુરેઝ ઘાટીના મેદાનો, દૂધપથરી જેવા લોકપ્રિય સ્થળોએ મધ્યમ હિમવર્ષાની અપેક્ષા છે.


## સૌના સુખ અને કલ્યાણ માટે પ્રાર્થના



મોદી માતા અંબેના ઉપાસક છે. તેમણે નવરાત્રિના પાવન ઉત્સવ દરમિયાન મહાઅષ્ટમીએ નવી દિલ્હીમાં સીઆર પાર્ક ખાતે દુર્ગા પૂજાની ઉજવણીમાં ભાગ લીધો હતો અને મંત્રોચ્ચાર વચ્ચે માતાની પૂજા-અર્ચના કરી હતી. વડાપ્રધાને આ વિસ્તારના કાલી બારી મંદિરમાં આરતી કરી હતી. સૌના સુખ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હોવાનું પીએમ મોદીએ કહ્યું હતું.

### 11 જિલ્લા પંચાયતો અને તે અંતર્ગતની તા.પંચાયતો માટે જાહેરનામું

## આગામી ચૂંટણીથી સ્થાનિક સ્વરાજયમાં OBCને 27 ટકા અનામત મળતી થશે




અમદાવાદ : રાજ્યની તમામ જૂની 8 મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓ ફેબ્રુઆરી-માર્ચ-2026 સુધીમાં પૂરી કરવાની હોવાથી રાજ્ય ચૂંટણી પચે તે દિશામાં ઝડપભેર કાર્યવાહી આરંભી દીધી છે. જેમાં મોટી અડચણ તે ઘઇઈ અનામતની જાહેરાત બાદ તેના અમલ માટેના જાહેરનામાની જાહેરાતની હતી. જેની ઘણાં સમયથી રાહ જોવાતી હતી રાજ્ય ચૂંટણી પંચે 29મીના સોમવારે 11 જિલ્લા પંચાયતો અને તેના હેઠળ આવતી તાલુકા પંચાયતોમાં 27 ટકા ઘઇઈ અમલ માટેના જાહેરનામા જાહેર કરી દીધા છે. અગાઉ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ઓબીસી માટે 10 ટકા અનામતનો કાયદો હતો જેમાં હવે, ફેરફાર કરીને હવે તેની સત્તાવાર જાહેરાત કરાતા બ્બ્ને 27 ટકા અનામત મળશે, તે નક્કી થઈ ગયું છે.રાજ્ય ચૂંટણી પંચની જાહેરાત મુજબ જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની બેઠકોની પુનઃરચના કરવામાં આવી છે. તેનાથી અન્ય પછાત વર્ગ (ઘઇઈ) સમુદાયને સ્થાનિક રાજકારણમાં યોગ્ય પ્રતિનિધિત્વ મળી રહેશે. હાલને તબક્કે રાજ્યના કુલ 11 જિલ્લા પંચાયત અને તેના હેઠળ આવતી તાલુકા પંચાયતોની બેઠકોમાં નોંધપાત્ર ફેરફાર કરાયા છે. આ જિલ્લાઓમાં અમરેલી, આણંદ, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી, પંચમહાલ, પોરબંદર, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને વલસાડનો સમાવેશ કરાયો છે. આ ફેરફારોના કારણે આગામી ચૂંટણીઓમાં આ વિસ્તારના રાજકીય સમીકરણો બદલાઈ જશે.

### ઝવેરી પંચના અહેવાલ મુજબ અનામતની કામગીરી

છેલ્લા ઘણાં લાંબા સમયથી આ અનામતની માંગણી હતી. અંતે કોર્ટના ચુકાદા બાદ ઓબીસીની 27 ટકા અનામત બેઠકો માટેના અભ્યાસ અર્થે ઝવેરી પંચની રચના કરવામાં આવી હતી અને તેનો અહેવાલ રાજ્ય સરકારને સોંપાયા બાદ સરકારે તેનો આભ્યાસ કરીને રાજ્ય ચૂંટણી પંચને તેની જવાબદારી સોંપી હતી. તે મુજબ 29મીના સોમવારે રાજ્ય ચૂંટણી પંચે જાહેરનામુ પ્રસિધ્ધ કરી દીધું છે. આ નિર્ણયને કારણે હવે, આગામી ચૂંટણી માટેની રાજકીય પક્ષોની રણનીતિ અને ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પણ બદલવી પડશે.

**:: સુપ્રભાત::**

તમારી કિંમત ત્યાં સુધી જ છે જયાં સુધી તમારી પાસે એવું કંઇક છે જે પૈસાથી ખરીદી શકાતું નથી...!!

## તંત્રી સ્થાનેથી....

### રાવણનું અટ્ટહાસ્યઃ પૂતળાં જ બળ્યા!

ૐ જય ૐ જય ૐ માં જગદંબે.. આસો નવરાત્રીની આજે નવમી રાત્રી છે. સિધ્ધિદાત્રી માતા સિધ્ધિઓ પ્રદાન કરનારી છે. આવતીકાલે આસૂરી- શકિત પર દૈવી- શકિતના વિજયનો ઉત્સવ વિજયાદશમીની ધામધુમથી ઉજવણી કરવામાં આવશે.દશેરાના મંગલદિને ભગવાન શ્રી રામચંદ્રજીએ દશાનન રાવણનો વધ કર્યો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં ભારતભરમાં રાવણના પૂતળાના દહન કરવાના આયોજનો થાય છે. રાજકોટમાં પણ આવતીકાલે રેસકોર્સમાં રાવણના પૂતળાનું દહન થશે.પૂતળું કાપડનું બનેલું હોય છે. તેને બાળવામાં કોઇ જ પરાક્રમ નથી. પૂતળું બળી ગયા બાદ રાવણ અટ્ટહાસ્ય કરતો હોય છે. કારણ કે રાવણ પૂતળામાં નહિ, વૃતિમાં જીવતો હોય છે. જો રાવણ પૂતળામાં હોય તો તેને પ્રતિવર્ષ બાળવાની જરૂર ન પડે. એક વખતમાં જ તે સ્વાહા થઇ જાય.આર્શ્ચય છે કે આપણને રાવણનું પૂતળું બાળવાનો જ હરખ થાય છે. રાવણનો વધ કરવાનું મન થતું નથી. રાજકોટમાં ચારેબાજુ વ્યાપકરૂપે રાવણ અટ્ટહાસ્ય કરે છે. દારૂના ધંધામાં, ડ્રગ્સમાં, અન્ય ગુન્હાઓમાં રાવણવૃતિ ધબકે છે. પરંતુ રાવણનું પૂતળું બાળવા હરખપદૂડા થનારાને આવા રાવણ દેખાતા નથી. દશેરાની મીઠાઇમાં ભેળસેળ રૂપી રાવણ અટ્ટહાસ્ય કરે છે. રોડ રસ્તા, કોન્ટ્રેકરો સહિત ઠેર-ઠેર ભ્રષ્ટાચારનો રાવણ તાંડવ કરે છે. જવાબદાર નેતાઓ અને અધિકારીઓ સેટિંગ કરીને રાવણવૃતિને પ્રોત્સાહન આપે છે.સેટિંગ નામનો આત્મા ખુદ રાવણ જેવો બની ગયો છે. પૂતળા દહનના આયોજકોને આવા રાવણ દેખાતા નથી. રામરાજયના વચનો આપીને હિન્દુઓના મતો લઇને ગુજરાતની ગાદી પર ગોઠવાઇ ગયેલા નેતાઓના રાજમાં કેવા રાજના દર્શન થઇ રહયા છે? પણ આ લોકો રાવણના પૂતળા દહન કરીને પરાક્રમ કર્યું હોય તેવો દેખાવ કરે છે. રાવણ અટ્ટહાસ્ય કરતો રહે છે. લોકોને લાગે છે કે રાવણ સાથે પણ સેટિંગ થઇ ગયું હશે!એક પ્રવાહ એવો પણ શરૂ થયો છે કે રામ કરતા રાવણને મહાન દર્શાવવામાં આવે છે. પોતાને બૌધ્ધિક અને હટકે ગણાવતો આ સમૂહ રાવણના વિવિધ ગુણ-સિધ્ધિઓ ગણાવે છે. ઘણા તો લંકેશ બનીને ઘુમી રહયા છે. પોતાને અલગ બતાવવા જુદા પ્રવાહમાં ચાલવાના આ ધંધા હોય છે. રાવણ બનવું પણ સરળ નથી. શિવજીની સાધના અને ગ્રહો પર કાબૂ કેળવવો પડે. માત્ર દેખાડા કરવાથી રાવણ પણ બનાતું નથી.સનાતનના વિચિત્ર પ્રવાહો ધર્મને વિવાદી બનાવી રહયા છે. ક્ષમતા કેળવ્યા વગર અને જવાબદારીના ભાન વગરના લોકો ધર્મના ઠેકેદાર બની રહયા છે. રાવણને બાળવાના પરાક્રમો કરી રહેલા ધર્મના બહાદુરો લવ જેહાદ જેવા મુદે મિયાની મીંદડી બની જાય છે. જય શ્રી રામ

# रेलवे टिकट बुकिंग से UPI पेमेंट तक, आज से बदलने वाले हैं ये 8 नियम

आज से अक्टूबर महीने के साथ ही कई वित्तीय बदलाव लागू हो रहे हैं जिनका असर आम लोगों पर पड़ेगा। छझउख यूपीआई प्लेटफॉर्म पर पुल ट्रांजेक्शन सुविधा बंद कर देगा। गैर-सरकारी अंशधारक पेंशन राशि का 100% इक्विटी में निवेश कर सकेंगे। ऑनलाइन रिजर्वेशन में पहले 15 मिनट आधार वेरिफाइड यूजर ही टिकट बुक कर पाएंगे। झछइ लॉकर और स्पीड पोस्ट शुल्क में बढ़ोतरी करेगा।

एनपीसीआई बंद कर देगा पुल ट्रांजेक्शन सुविधा: भारतीय राष्ट्रीय भुगतान निगम फोनपे, गूगल पे और पेटीएम जैसे यूपीआई प्लेटफॉर्म पर पर्सन टू पर्सन (पी2पी) मकलेक्ट रिक्वेस्टफ या मपुल ट्रांजेक्शनफ सुविधा बंद कर देगा। इसका मतलब यह हुआ कि अब आप किसी से रिक्वेस्ट करके पैसे नहीं मंगा सकेंगे। इस कदम का उद्देश्य यूजर सुरक्षा को बढ़ाना और ऑनलाइन धोखाधड़ी पर अंकुश लगाना है।

इक्विटी से जुड़ी योजनाओं में कर सकेंगे 100 प्रतिशत निवेश: गैर-सरकारी अंशधारक अब मल्टीपल स्कीम फ्रेमवर्क (एमएसएफ) के तहत इक्विटी से संबंधित योजनाओं में अपनी पेंशन राशि का 100 प्रतिशत तक निवेश कर सकेंगे। पहले यह सीमा 75 प्रतिशत थी। इसके साथ ही प्रान (स्थायी सेवानिवृत्ति खाता संख्या) खोलने और रखरखाव के शुल्क में भी संशोधन किया गया है। सरकारी कर्मचारियों के लिए ई-प्रान किट के



लिए 18 रुपये और भौतिक प्रान कार्ड के लिए 40 रुपये शुल्क लिया जाएगा। निजी और सरकारी क्षेत्र के एनपीएस अंशधारकों के लिए शुल्क अलग-अलग होंगे।

सिर्फ आधार सत्यापित यूजर ही आरक्षित टिकट बुक करा सकेंगे: एक अक्टूबर से ऑनलाइन रिजर्वेशन विंडो खुलने के बाद पहले 15 मिनट सिर्फ आधार सत्यापित यूजर ही आरक्षित टिकट बुक करा सकेंगे। दुरुपयोग को रोकने और बुकिंग को सुव्यवस्थित करने के लिए इस नियम का एलान किया गया है।

ऑनलाइन गेमिंग से जुड़े नियमों में होगा बदलाव: पारदर्शिता को बढ़ावा देने के उद्देश्य से एक अक्टूबर से ऑनलाइन गेमिंग से जुड़े नियमों में भी बदलाव होगा। इसमें आयु सीमा और लाइसेसिंग आवश्यकताओं से जुड़े नियम शामिल हैं।

पीएनबी में लॉकर रखना होगा महंगा: सार्वजनिक क्षेत्र का पंजाब नेशनल बैंक (पीएनबी) एक अक्टूबर से अपने लाकर और कुछ अन्य सेवाओं के शुल्क में बढ़ोतरी करने जा रहा है। इससे बैंक में लॉकर रखना महंगा हो जाएगा। इसके अलावा नामांकन शुल्क में भी बढ़ोतरी होगी।

स्पीड पोस्ट भेजने के लिए ज्यादा पैसा खर्च करना होगा: एक अक्टूबर से डाक विभाग के जरिये स्पीड पोस्ट भेजने पर ज्यादा पैसा खर्च करना होगा। इसका कारण यह है कि विभाग इस सेवा का शुल्क बढ़ाने जा रहा है। इसके अलावा स्पीड पोस्ट ओटीपी आधारित डिलिवरी प्रणाली से भी जुड़ जाएगी। इस उद्देश्य स्पीड पोस्ट की प्राप्तकर्ता के सत्यापन के बाद ही डिलिवरी करना है।

आरबीआई लाएगा नई चेक भुगतान सुविधा: तेज भुगतान की दिशा में एक बड़ा कदम उठाते हुए आरबीआई चार अक्टूबर से निरंतर चेक समाशोधन की सुविधा शुरू करेगा। कई रिपोर्टों के अनुसार, यह सुविधा दो चरणों में लागू होगी। पहले चरण में यह चार अक्टूबर से दो जनवरी 2026 तक लागू होगी। दूसरा चरण तीन जनवरी 2026 से शुरू होगा।

# Now a security 'threat', Sonam Wangchuk was Govt's expert for all seasons

Last Friday, Sonam Wangchuk was detained under the National Security Act (NSA) after being accused of instigating the protests demanding statehood for Ladakh, which turned violent, leading to four deaths in police firing in Leh on September 24. The NSA empowers governments to act pre-emptively against individuals seen as a threat to public order or national security.And yet, as recently as last year, key offices of the Government were reaching out to the acclaimed education reformer, climate activist and technology innovator for guidance — from topics as diverse as water conservation, clean energy, tourism and even pashmina.Official records show Wanghuk was also the Centre's go-to man to headline its flagship events in Ladakh, such as Azadi Ka Amrit Mahotsav celebrations and World Heritage Week.So much so, that in April 2022, BJP's national general secretary Vinod Tawde, then Education minister of Maharashtra, publicly thanked Wangchuk for "working together towards betterment of our Nation, specially welfare of our students". Wangchuk was a member of the Maharashtra International Education Board from 2018 when he was appointed by the Devendra Fadnavis



government.While Wangchuk's recent visit to Islamabad was cited by Ladakh DGP Dr SD Singh Jamwal to justify "a big question mark" on the activist's "credibility," he was not the only Indian expert to attend the Breathe Pakistan climate event organised by the Dawn group in February.Harjeet Singh, founding director of Noida-based Satat Sampada Climate Foundation, was the other Indian delegate at the two-day event. Among the others who attended were World Bank's global director for climate change Valerie Hickey; UNEP's senior regional advisor Aban Marker Kabraji; and, UNICEF South Asia Climate Change and Energy Advisor and Carbon Finance Specialist Rakshya R Thapa, among others.Sunita Narain, environmentalist and director general of Centre for Science and Environment (CSE), was also among the Indian invitees but could not make it due to "health issues." Two Indian journalists attended the event as media delegates.When contacted, Harjeet Singh said: "As an energy expert, I attend events across the world. In February, I took part in a discussion on just transition and climate resilience in Islamabad." Narain declined to comment.Wangchuk has also been accused of "sabotaging and vitiating the process" of granting Schedule VI status for Ladakh. However, in December 2019, then Union Tribal Affairs minister Arjun Munda had acknowledged Wangchuk's fight for Ladakh's Scheduled Area status.In a letter dated December 24, 2019, Munda wrote to Wanghchuk: "I appreciate your concerns on the need to preserve the identity and culture of the people residing in the UT, including the grant of Scheduled Area status. I would like to inform you that my Ministry… has already communicated a proposal to the Ministry of Home Affairs to consider (the) declaration of the UT of Ladakh as a Schedule VI area."

### શિક્ષણ બોર્ડના ચેરમેનને કમીટીનું અધ્યક્ષપદ

## ખાનગી ટયુશન કલાસ માટે નિયમો - મુસદ્દો ઘડવા આઠ સભ્યોની સમિતિ



ગાંધીનગર,

રાજ્યમાં ખાનગી ટયુશન તથા કોચિંગ કલાસોને નિયમો હેઠળ આવરી લેવા માટે રાજ્ય સરકાર આગળ વધી રહી છે અને તે માટે મુસદ્દો ઘડવા આઠ સભ્યોની કમીટીને જવાબદારી સોંપવામાં આવી છે.કમીટીના અધ્યક્ષપદે શિક્ષણ બોર્ડના ચેરમેનને નિયુકત કરવામાં આવ્યા છે. મુસદ્દો ઘડવામાં શિક્ષણવિદોની જરૂર પડે તો તેમને આમંત્રીત સભ્યો તરીકે ઉમેરવાની છુટ આપવામાં આવી છે. સમિતિ દ્વારા રીપોર્ટ અપાયા બાદ રાજ્ય સરકાર કાયદાને અંતિમ સ્વરૂપ આપશે.

### જો કંઇ તમે ઓર્ડર નથી કર્યો તો આ મેસેજ પર વિશ્વાસ ન કરવો, સેવા ફી માગે તો ન ચૂકવો

# લોકોને ઠગવાનો નવો કિમીયો : હવે પાર્સલ રિટર્નના મેસેજથી ચેતીને રહેજો

અમદાવાદ: આજકાલ ઓનલાઈન કૌભાંડો ખૂબ સામાન્ય બની ગયા છે. કૌભાંડીઓ દરરોજ વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરીને લોકોને છેતરવાનો પ્રયાસ કરે છે. કૌભાંડીઓ સામાન્ય રીતે સરકારી અધિકારીઓ અથવા પોલીસ અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને લોકોને ફોન કરે છે, અથવા તેમને ફસાવવા માટે ઈમેલ અથવા એસએમએસ મોકલે છે.તાજેતરમાં, કેટલાક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં કૌભાંડીઓ




પાર્સલ વિશે ખોટી માહિતી આપી કૌભાંડ આચરી રહ્યાં છે. આ કૌભાંડ અને તેનાથી કેવી રીતે બચવું તે જાણીએ. સ્કેમર્સ ઈન્ડિયા પોસ્ટ તરીકે નકલી સંદેશાઓ મોકલી રહ્યા છે. આ સંદેશાઓ સાચા દેખાય છે, પરંતુ વાસ્તવમાં છેતરપિંડી કરવાનો ઈરાદો છે. સંદેશાઓમાં જણાવાયું છે કે ખોટા સરનામાંને કારણે તેમનું પાર્સલ ડિલિવર થયું ન હતું. સંદેશાઓમાં એક લિંક પણ છે, જેના પર વપરાશકર્તાઓને તેમનું સરનામું અપડેટ કરવા અને સેવા ફી ચૂકવવા માટે ક્લિક કરવાનું કહેવામાં આવે છે જેથી પાર્સલ ફરીથી ડિલિવર કરી શકાય.આ મેસેજમાં એક લિંક હોય છે, જેના પર ક્લિક કરવાથી યુઝર બીજી વેબસાઇટ પર જાય છે. આ સ્કેમર્સ દ્વારા બનાવવામાં આવેલી નકલી વેબસાઇટ હોય છે, જે યુઝરની માહિતી ચોરી કરે છે. એકવાર યુઝર વેબસાઇટ પર તેની વિગતો દાખલ કરે છે અને ચુકવણી કરે છે, તો સ્કેમર્સ તેમની માહિતી ચોરી કરી લે છે. અને મોટી છેતરપિંડી કરી શકે છે.

### કૌભાંડથી બચવા માટે શું કરી શકાય?

જો તમે ઓનલાઈન કંઈપણ ઓર્ડર કર્યું નથી, તો આવા સંદેશાઓ પર વિશ્વાસ ન કરો. જો તમને આવો સંદેશ મળે છે, તો પહેલા તપાસો કે તમે ખરેખર ઓર્ડર આપ્યો છે કે નહીં. જો તમને આવો સંદેશ મળે છે, તો પહેલા તમારી વિગતો ચકાસ્યા વિના લિંક પર ક્લિક કરશો નહીં.મેસેજમાં આપેલી લિંક તપાસો. જો તમને કંઈક ખોટું હોવાની શંકા હોય, તો તેના પર ક્લિક કરશો નહીં. પાર્સલ સેવાઓ સરનામાં અપડેટ કરવા અથવા ફરીથી ડિલિવર કરવા માટે ક્યારેય પૈસા માંગતી નથી. આવા સંદેશાઓ પર વિશ્વાસ ન કરો.

## કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની તબિયત લથડી : હોસ્પિટલમાં દાખલ



બેંગ્લોર, કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગેની તબિયત અચાનક લથડતા બેંગ્લોરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તાવ સહીતની બિમારી સબબ 83 વર્ષિય નેતાને સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલનાં તબીબોએ કહ્યું કે ચિંતાની કોઈ વાત નથી તબીબો દેખરેખ રાખી રહ્યા છે.રાજયસભાનાં વિપક્ષી નેતા એવા મલ્લીકાર્જુન ખડગે ગત 24 મીએ પટણામાં યોજાયેલી કોંગ્રેસની રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠકમાં સામેલ થયા હતા.તેઓ આગામી 7 મી ઓકટોબરે નાગાલેન્ડનાં કોહીમામાં જાહેરસભા સંબોધવાના છે જોકે નાદુરસ્ત તબિયત બાદ કાર્યક્રમમાં ફેરફાર થાય છે કે કેમ તે જોવાનું રહેશે.

## દશેરાએ લાલ કિલ્લા પર બોબી દેઓલ રાવણ વધ કરશે




મુંબઇબોલિવુડ એકટર બોબી દેઓલ આ વર્ષે દશેરાએ દિલ્હીમાઃ રાવણ વધ કરશે. તે લાલ કીલ્લા પર આયોજીત રામલીલામાં રાવણનો વધ કરતો જોવા મળશે.આયોજકોએ જણાવ્યું હતું કે બોબી દેઓલે આમંત્રણનો સ્વીકાર કરી લીધો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ પ્રભાસથી માંડીને અજય દેવગણ સુધીના તમામ મોટા ફીલ્મ એકટર્સે લાલ કીલ્લા પર રાવણનો વધ કરી ચુકયા છે. આ વખતે બોબી દેઓલ રાવણ વધ કરશે.

### ટાઈગર વેલીનો નજારો 100 મીટર ઉંચેથી જોઇ શકાશે

# લોનાવાલા - ખંડાલા ઘાટ બાયપાસ રોડ તૈયાર : પુનાનું અંતર 30 મીનીટ ઘટશે

મુંબઇ,મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર લોનાવલા-ખંડાલા ઘાટ બાયપાસ રોડ માટેના મિસિંગ લિન્ક પ્રોજેક્ટનું કામ પૂરું થવામાં છે. આશરે 6695 કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ મહારાષ્ટ્રનાં બે મુખ્ય શહેરોને જોડતા એક્સપ્રેસવેના સૌથી ભારે ટ્રાફિક અને જોખમી રોડ ધરાવતાં જંક્શન્સને બાયપાસ કરી જશે. આ બાયપાસ શરૂ થતાંની સાથે જ મુંબઈ-પુણે વચ્ચેનો ટ્રાવેલ-ટાઇમ 30 મિનિટ સુધી ઘટશે.ઘાટનો બાયપાસ રસ્તો બન્યો ન હોવાથી મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર અત્યારે વાહનો ખોપોલી અને સિંહગઢ ઇન્સ્ટિટ્યૂટના રસ્તે ઘાટમાંથી પસાર થઈને જાય છે, જે આશરે 19 કિલોમીટરનો રસ્તો છે. અનેક વાર આ રસ્તા પર બોટલનેક હોવાને કારણે અને ભેખડો ધસી પડવાને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. બાયપાસ રોડ તૈયાર થયા પછી અકસ્માતની સમસ્યાઓ પણ ઓછી થશે.2002માં શરૂ થયેલા આ



એક્સપ્રેસવે પર રોજનાં સરેરાશ 75,000 વાહનો પસાર થતાં હોય છે. વીક-એન્ડ અને રજાના દિવસોમાં આ આંકડો 1.1થી 1.2 લાખ સુધી પહોંચે છે. એને લીધે મુંબઈ-પુણે અને મુંબઈ-બેન્ગલોરના જૂના હાઇવેને જોડતા જંક્શન પર ટ્રાફિક જેમ સર્જાય છે. આ જગ્યાએ રોડ 10 લેનમાંથી 6 લેનનો થઈ જતાં અહીં વાહનોની લાંબી કતાર લાગે છે. નવો રોડ બની જતાં આ બધી સમસ્યાનો પણ ઉકેલ આવશે.નવા રોડ પર 8 લેનના વાયડક્ટ્સ સાથે 1.75 અને 8.92 કિલોમીટરની બે ટનલ હશે. 640 મીટર લાંબો કેબલ બ્રિજ હશે જેના પરથી ટાઇગર વેલીનો નજારો 100 મીટર ઊંચેથી દેખાશે. લોનાવલા લેકની 170 ફુટ નીચેથી ટનલ પસાર થશે.

# ગુજરાતનું પાણીઆરું છલકાયું



◆ ગુજરાતની જીવાદોરી એવી નર્મદા યોજનામાં જળાશયની સપાટી આજરોજ 138.68 મીટર (455 ફુટ) ઉપર તેની મહત્તમ સપાટીએ પહોંચી છે. જે જણાવતાં હું ખુબ જ આનંદ અનુભવું છું. ગુજરાતના કરોડો પ્રજાજનો પણ આ ક્ષણની રાહ જોઈ રહ્યાં છે.

◆ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યા પછી 17 દિવસમાં તા. 12/06/2014નાં રોજ નર્મદા ડેમનું બાકી કામ પુરૂ કરવાની મંજુરી મળી, તરત જ ડેમની ઉંચાઈ વધારવાનું કામ શરૂ કરવામાં આવ્યું તથા તમામ કામગીરી પૂર્ણ કરી તા. 17/6/2017નાં રોજ તમામ 30 દરવાજાઓ બંધ કરવામાં આવ્યા.

◆ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા. 17/09/2017ના રોજ નર્મદા બંધ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવ્યો.

◆ નર્મદા ડેમ 2017નાં વર્ષમાં રાષ્ટ્રઅર્પણ કર્યા બાદ, અત્યાર સુધીમાં કુલ 06 વખત - વર્ષ 2019, 2020, 2022, 2023, 2024 અને 2025- માં તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. હાલ નર્મદા ડેમની સપાટી 138.68 મીટર (455 ફુટ) છે અને આ સપાટીએ કુલ જળ સંગ્રહ ક્ષમતા 9460 મીલીયન ઘન મીટર છે. હાલમાં પાણીની આવક સરેરાશ 1 લાખ ક્યુસેક છે તેમજ છઇડઇ માંથી 42,000 ક્યુસેક તથા ઈઇડઇ માંથી 5000 ક્યુસેક એટલે કે કુલ પાણીની જાવક 47,000 ક્યુસેક છે.

◆ ચાલુ ચોમાસાનાં સમયમાં નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં કુલ 302 કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થયેલ છે. તેમજ અત્યાર સુધીમાં મહત્તમ માસિક વિજળીનું ઉત્પાદન સપ્ટેમ્બર 2025મા થયેલ છે જે 105 કરોડ યુનિટ છે. અત્યાર સુધીમાં કુલ 6,810 કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થયેલ છે.

◆ ચાલુ ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર- કચ્છને પાણીનું વિતરણ કર્યું છે. સુજલામ સુફલામ યોજનામાં ચાલુ જળ વર્ષ દરમિયાન 98 ખઈખ (3431 ખઈત્રઝ) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને 877 તળાવો ભરવામાં આવ્યા છે. સૌની યોજનામાં 114 ખઈખ (3992 ખઈત્રઝ) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને 36 તળાવો, 325 ચેકડેમ અને 31 ડેમ ભરવામાં આવી રહ્યા છે અને 162 તળાવો, 1104 ચેકડેમ અને 30 ડેમ ભરવામાં આવ્યા છે. આમ, સિંચાઈ વિભાગની જરૂરિયાતો અનુસાર તળાવો, ચેકડેમ, બંધો વગેરે ભરવા માટે પૂરતું પાણી વિતરણ કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે નર્મદા બંધનાં ઓવરફ્લો દરમ્યાન રાજયની 10 નદીઓ જેવી કે પુષ્પાવતી, રૂપેણ, બનાસ, સરસ્વતી, સાબરમતી, વાત્રક, કુણ, કરાડ, દેવ અને હેરણ નદીઓમાં પાણી વહેવડાવી જીવંત કરવામાં આવેલ છે.

◆નર્મદા યોજના દ્વારા 10,453 ગામો, 190 શહેરો તથા 07 મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે 4 કરોડની પ્રજાને નર્મદાનું પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે.

◆ ગુજરાત રાજયની પ્રગતિમાં નર્મદા યોજનાનો અમુલ્ય ફાળો છે જે ખરેખર ગુજરાતની જીવાદોરી છે.

◆ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નર્મદાનીરના વધામણાં કરી ગુજરાતની પ્રજાને ખાસ સુચન કરેલ છે કે નર્મદાનું આ પાણી પારસ છે અને આપણે તેનો કરકસર પુર્વક ઉપયોગ કરવો જોઈએ.

### સેનટર ઓફ એકસેલન્સ નવીનતાની સાથે આત્મનિર્ભરતાને પ્રોત્સાહન

## મહેસાણામાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાશે

ગાંધીનગર આગામી તા.9 અને 10 ઓકટોબરે મહેસાણા ખાતે વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ યોજાશે જેમાં બાગાયતી વિકાસ પર પ્રકાશ પાડવામાં આવશે. સેન્ટર ઑફ એક્સેલન્સનો ઉદ્દેશ બાગાયતી ઉત્પાદનમાં આધુનિક ટેક્નોલોજીનું પ્રદર્શન કરવાનો, ખેડૂતોને તાલીમ આપવાનો અને બાગાયતમાં નવીન ટેક્નોલોજીનો પ્રસાર કરવાનો છે.આ કેન્દ્રો ક્ષમતા નિર્માણ કાર્યક્રમો દ્વારા કૃષિ ક્ષેત્રે કૌશલ્ય વધારવામાં, ખેડૂતોને વાવેતર માટેની સામગ્રીનો પુરવઠો પૂરો પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ખેડૂતોને ખેતીની આધુનિક, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. સેન્ટર ઑફ

Vibrant GUJARAT REGIONAL CONFERENCES Regional Aspirations, Global Ambitions
Vibrant Gujarat Regional Exhibitions
North Gujarat

એક્સેલન્સ સંશોધનને વાસ્તવિક ખેતી પદ્ધતિઓ સાથે જોડીને બાગાયતી ક્ષેત્રમાં ઉચ્ચ ઉત્પાદકતા, સારી ગુણવત્તા અને ટકાઉપણું સુનિશ્ચિત કરે છે.સેન્ટર ઑફ એકસેલન્સ નવીનતાની સાથે આત્મનિર્ભરતાને પણ પ્રોત્સાહન આપે છે અને ખેડૂતો માટે આર્થિક તકો પણ ઊભી કરે છે. આ તમામ પ્રયાસો દ્વારા સેન્ટર ઑફ એક્સેલન્સ ભારતના બાગાયતી ક્ષેત્રમાં પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.મહેસાણા જિલ્લાના વિસનગરમાં આવેલ પસેન્ટર ઑફ એક્સલન્સ ઑફ વેજીટેબલ્સ એન્ડ સાઇટ્રસથ આધુનિક સંરક્ષિત ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં 1,800 ચોરસ મીટરમાં ફેલાયેલા બે નેટ હાઉસ, 1,800 ચોરસ મીટરને આવરી લેતી ચાર પોલી ટનલ અને નિયંત્રિત પાક ઉત્પાદન માટે 1,100 ચોરસ મીટરનું ફેન-પેડ પોલી હાઉસ છે.આ કેન્દ્ર સ્થાનિક આબોહવાને અનુરૂપ લીંબુની નવી જાતોનું પરીક્ષણ કરે છે. આ ઉપરાંત, તે સ્વસ્થ અને રોગમુક્ત રોપાં ઉગાડે છે અને ટપક સિંચાઈ, ફર્ટિગેશન અને સંરક્ષિત ખેતી જેવી આધુનિક ખેતી તકનીકોનું પ્રદર્શન કરે છે.

### આરએસએસની સ્થાપનાને 100 વર્ષ નિમિતે ખાસ ટપાલ ટિકીટ અને સિકકાનું વિમોચન કરતા વડાપ્રધાન

## પ્રતિબંધ અને ષડયંત્ર છતાં પણ સંઘે કદી કડવાશ બતાવી નથી : મોદી

### દિલ્હીમાં આરએસએસના શતાબ્દી સમારોહને સંબોધન : 100 વર્ષ પહેલા સંઘની સ્થાપના કોઈ જોગાનુજોગ નહી પણ રાષ્ટ્રનિર્માણ અને

### સંઘ અને સ્વયંસેવકોનો એક જ રાષ્ટ્ર પ્રથમ ઉદેશ રહ્યો છેઃ કદી વિરોધાભાસી વિચારધારા પસંદ કરી

### દેશને ઘુસણખોરોથી મોટો પડકાર, ડેમોગ્રાફીમાં બદલાવના ષડયંત્ર સામે મારી સરકાર કામ કરી રહી છે

નવી દિલ્હી:રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના 100 વર્ષ નિમિતે આજે દિલ્હીમાં શતાબ્દી સમારોહને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક તરફ સતાબ્દી વર્ષની સ્મૃતિમાં ખાસ ટપાલ ટિકીટ તથા સિક્કાનું વિમોચન કર્યુ હતું તો બીજી તરફ સંઘના સ્વયંસેવકો તેમજ મહાનુભાવોને સંબોધન કરતા જણાવ્યું હતું કે સંઘના સ્વયંસેવકોએ કદી કટુતા બતાવી નથી. પ્રતિબંધ લાગે કે કોઈ ષડયંત્ર યોજાય. પરંતુ સંઘનો મંત્ર રહ્યો છે કે જે સારુ કામ



**દેશની દરેક કટોકટી પળે સંઘે મદદ કરી છે પછી તે 1962 કે 1971નું યુદ્ધ હોય કે 1956 અને 2001નો કચ્છનો ભૂકંપ હોયઃ મોદી**

થયું છે તે પણ અમારું છે અને જે ઓછું થયું છે તે પણ અમારું છે. શ્રી મોદીએ કહ્યું કે સ્વતંત્રતા બાદ સંઘ સામે અનેક ષડયંત્રો થયા હતા પરંતુ સંઘનું લક્ષ્યાંક એક ભારત શ્રેષ્ઠ ભારત જ રહ્યું છે.રાષ્ટ્રસાધનાની આ યાત્રામાં સંઘ ઉપર અનેક હુમલા થયા. પુ.ગુરુજીને પણ જેલમાં મોકલવામા આવ્યા અને તેઓ જયારે બહાર આવ્યા ત્યારે કહ્યું કે ક્યારેક જીપ દાંત નીચે આવી જાય છે અને કચડાઈ છે પરંતુ આપણે દાંત તોડતા નથી. કારણ કે દાંત અને જીભ બંને આપણા છે.શ્રી મોદીએ એ પણ ઉમેર્યુ કે સંઘ એક નદી જેવી છે અને જે રસ્તે તે વહેતી ગઈ ત્યાં વધુને વધુ રાષ્ટ્રભાવના સર્જાતી ગઈ છે. સંઘ લગાતાર કામ કરે છે. પરંતુ કદી વિરોધાભાસ દર્શાવ્યો નથી. શ્રી મોદીએ સંઘને અન્યાય પર ન્યાય, અંધકાર પર પ્રકાશની જીત ગણાવી હતી અને કહ્યું કે 100 વર્ષ પહેલા સંઘની સ્થાપના એ કોઈ જોગાનુજોગ ન હતું પરંતુ હજારો વર્ષની આપણી પરંપરાનું ઉત્થાન હતું અને રાષ્ટ્રીય ચેતનાનો સમય હતો.

### પહેલગામ હુમલા બાદ બંધ કરી દેવામાં આવ્યાં હતાં

## જમ્મુ અને કાશ્મીરનાં સાત પર્યટન સ્થળો ફરી ખોલવામાં આવ્યાં



### રિયાસીમાં ચેનાબ નદી પર રાફ્ટિંગ ફરી શરૂ

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં એડવેન્ચર ટૂરિઝમ ફરી શરૂ થઈ ગયું છે અને ઓપરેટરોએ અહીં રાફ્ટિંગ શરૂ કરી દીધું છે. તેનો આનંદ માણવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યાં છે.રિયાસી અહીં રાફ્ટિંગ માટે પ્રખ્યાત છે - બારાદરીમાં. ચેનાબ નદી બારાદરીમાં પર્વતો અને જંગલો વચ્ચે વહે છે, જે હજારો પ્રેમીઓને આકર્ષે છે. અધિકારીઓએ પ્રવાસીઓ માટે કડક સુરક્ષા પગલાં પણ સુનિશ્ચિત કર્યા છે.

શ્રીનગર,જમ્મુ-કાશ્મીર પ્રશાસને 22 એપ્રિલનાં રોજ પહેલગામમાં થયેલાં આતંકી હુમલા બાદ બંધ સાત પર્યટન સ્થળો ખોલી દીધાં છે. હેડક્વાર્ટરમાં યોજાયેલી બેઠક બાદ ઉપરાજ્યપાલ મનોજ સિન્હાના નિર્દેશ પર પર્યટન સ્થળો ખોલવામાં આવ્યાં છે.સિન્હાએ પએક્સથ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, નસ્ત્રસંપૂર્ણ સુરક્ષા સમીક્ષા અને બેઠકમાં ચર્ચા પછી, મેં કાશ્મીર અને જમ્મુ વિભાગમાં વધુ પર્યટન સ્થળોને ફરીથી ખોલવાનો આદેશ આપ્યો છે, જે સાવચેતીના પગલાં તરીકે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યાં હતાં.સ્ત્રસ્ત્ર ઉપરાજ્યપાલ વહીવટીતંત્રે 22 એપ્રિલે પહેલગામ ક્ષેત્રનાં બૈસરન ખાતે થયેલાં આતંકી હુમલા બાદ 50 જેટલા પર્યટન સ્થળો બંધ કરી દીધાં હતાં. બૈસરનમાં, ભારે સશસ્ત્ર આતંકવાદીઓએ 26 લોકોની ગોળી મારીને હત્યા કરી હતી.જેમાં મોટાભાગે પ્રવાસીઓ હતાં. કાશ્મીર ડિવિઝનમાં જે સાત પર્યટન સ્થળો ફરીથી ખોલવામાં આવ્યાં છે તેમાં અ વેલી, રાફ્ટિંગ પોઇન્ટ યાનર, અક્કડ પાર્ક, પાદશાહી પાર્ક અને કોમન પોસ્ટનો સમાવેશ થાય છે.

### DYSP પ્રમોશનને હજુ રાહ જોવી પડશે : ફાઈલ સાથે ગયેલ DGP ને હજુ રાહ જોવા ગૃહમંત્રીની સૂચના

થોડા સમય પહેલાં જ રાજ્યભરના 100 થી વધું આઇપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી, જે બાદ પોલીસ બેડામાં આનંદ છવાયો હતો. તુરંત જ પીઆઈ ટુ ડીવાયએસપી પ્રમોશન અને પીએસઆઈમાંથી પીઆઈ થયેલ તેમજ બદલીની ચાર વર્ષથી રાહ જોતાં કેટલાય પીઆઈ માટે રાહતના સમાચાર આવશે તેવી રાહ જોઈ બેસેલ અધિકારીઓ માટે હજું મંત્રી મંડળ વિસ્તરણ સુધી રાહ જોવી પડે તેવી સ્થિતિ ઉભી થઇ છે તેવું ચિત્ર ઉપસી રહી છે. ગાંધીનગરથી પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, ચાર વર્ષથી એક જગ્યાએ ફરજ બજાવતાં પીઆઇ લાંબા સમયથી બદલીની રાહ જોઈ રહ્યા છે. ત્યારે સિનિયર પીઆઈ ડીવાયએસપી પ્રમોશનની લાઈનમાં છે, જે પ્રમોશન મળ્યાં બાદ પીઆઈની બદલી થઈ શકે તેમ છે.જેથી થોડાં દિવસો પહેલાં જ ડીવાયએસપી પ્રમોશનની ફાઇલ તૈયાર કરી રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ગૃહમંત્રીને મળવા પહોંચ્યા હતાં. ત્યારે ગૃહમંત્રીએ ડિજીપીને ફાઇલ પરત કરી કહ્યું હતું કે, હાલ પ્રમોશન-બદલી રહેવા દયો. આ થી મનાઈ રહ્યું છે કે જ્યાં સુધી સંગઠન અને મંત્રીમંડળ વિસ્તરણ ન થાય ત્યાં સુધી કોઈ ફેરફાર કરવાના નથી તેવું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.જાણવા મળતી વિગત મુજબ, જયારે ખુદ ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને પ્રોમોશન મળે અને કેબિનેટમાં સ્થાન મળે તેવી એક સંભાવના છે તેવા ફેરફાર આગામી સમયમાં થવાનો હોવાનું ચર્ચાઇ રહ્યું છે, જેથી તેઓએ ગૃહવિભાગમાં પોલીસની બદલીની કામગીરી હાલ પૂરતી સ્થગિત કરી છે. હાલ ડીઆઇજી રેન્કના 10 થી વધું અધિકારીઓ પણ પોસ્ટની રાહ જોઈ રહ્યાં છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ પ્રમોશન બાદ બદલી તુરંત જ આવતી હતી, હાલ સ્થિતિ કંઈક અલગ જ છે. પીએસઆઈમાંથી પીઆઈ બનેલ કેટલાય અધિકારીઓ જિલ્લા ફેર સાથેની બદલીની રાહ જોઈ રહ્યાં છે. ત્યારે ગૃહ વિભાગ અને ડિજિપી ઓફિસ દ્વારા પ્રમોશન અને બદલી બાબતે કોઇપણ પ્રકારની હિલચાલ ન થતાં ક્યાંક પોલીસ બેડામાં પણ કચવાટ જોવા મળી રહ્યો છે. કેમ કે, જ્યાં સુધી ડીવાયએસપી પ્રમોશન ન આવે ત્યાં સુધી પીઆઈની બદલી શક્ય નથી.

### રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના માસિક રિપોર્ટમાં ખુલાસો

## પૂરા દેશમાં કરોડો લોકો દ્વારા ડિજિટલ લેવડ-દેવડ પણ દિલ્હી સહિત કેટલાક રાજયોમાં રોકડનું ચલણ!

નવીદિલ્હી : અભારતમાં ડિજિટલ લેવડ-દેવડમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. જેમાં યુપીઆઈની ભૂમિકા સૌથી મહત્વની રહી છે. હાલના સમયમાં દેશમાં લગભગ 42 કરોડ લોકો યુપીઆઈથી ડિજિટલ પેમેન્ટ કરી રહ્યા છે.જેથી રોકડ પર નિર્ભરતા ઘટતી જતી જોવા મળે છે તેમ છતા દિલ્હી સહિત કેટલાક રાજયોમાં8 હજુ રોકડથી જ લેવડ-દેવડ થાય છે. દિલ્હી એ રાજયોમાં સામેલ છે જયાં રોકડ અને યુપીઆઈથી સૌથી વધુ લેવડ-દેવડ થાય છે.હાલમાં જ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ પોતાના માસિક રિપોર્ટમાં યુપીઆઈને લઈને કરેલ અધ્યયનને પ્રકાશિત કર્યું છે. આ અધ્યયન બતાવે છે કે ગોવા, દિલ્હી, ચંડીગઢ, અરૂણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, કેરલ અને સિક્કીમમાં દર વ્યકિતએ રોકડ ઉપાડ સૌથી વધુ નોંધાયો છે.આ રાજયોમાં વાર્ષિક દર વ્યક્તિએ રોકડ ઉપાડ 11,831થી લઈને 1,02,757 રૂપિયા વચ્ચે છે. આટલું જ નહીં, દિલ્હી એ રાજયોમાં પણ સામેલ છે કે જયાં યુપીઆઈથી લેવડ-દેવડ સૌથી વધુ છે. તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્રમાં દર વ્યકિતએ યુપીઆઈ લેવડ-દેવડ સૌથી વધુ છે.આ રાજયોમાં યુપીઆઈ લેવડ-દેવડની સંખ્યા દર વ્યકિતએ 5.1થી લઈને 205.6 સુધીની છે. જયારે પૂર્વોત્તર રાજયો (ત્રિપુરા, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ)માં હજુ સુધી રોકડ પર નિર્ભરતા વધુ છે અને યુપીઆઈનો ઉપયોગ અપેક્ષા કરતા ઓછો છે.

### રોકડ ઉપાડમાં પાછળ રહેવાનું મહત્વનું કારણ

અધ્યયનમાં જાણવા મળ્યું કે, પર્યટન અને સેવા આધારિત અર્થ વ્યવસ્થાને લઈને કેટલાક રાજયોમાં રોકડમાં જ સ્વીકાર કરવામાં આવે છે. જેને લઈને ત્યાં રોકડમાં લેવડ-દેવડ વધુ છે. ગ્રામીણ ક્ષેત્રોમાં રોકડ પર નિર્ભરતા, ડિજિટલ માળખાની કમી, વરિષ્ઠોની વસ્તી અને વેપાર સાથે જોડાયેલી શરતો પણ સામેલ છે.દિલ્હીના મામલામાં બે મુખ્ય કારણો છે. બુઝુર્ગોની વસ્તી સુરક્ષાના કારણે રોકડમાં લેવડ-દેવડને પ્રાથમિકતા આપે છે. જયારે દિલ્હીમાં અનેક કારોબાર એવા છે જેમાં રોકડને જ સ્વીકારાય છે. ખાસ કરીને બજારોમાં ઘણા લોકો રોકડમાં વેપાર કરે છે.

# CBI અને EDના નામે LIC ના નિવૃત્ત અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરી 13 લાખ પડાવી લીધા

વડોદરામાં સુભાનપુરા વિસ્તારમાં રહેતા એલઆઇસીના નિવૃત્ત 73 વર્ષીય અધિકારીને ડિજિટલ એરેસ્ટના નામે દમદાટી આપી ઠગોએ 13 લાખ રૂપિયા ખંખેરી લીધા હોવાનું બનાવો બનતા તેમણે પોલીસને જાણ કરી છે.નિવૃત્ત અધિકારીએ પોલીસને કહ્યું છે કે, ગીતા 23મી એ બપોરે મને વિશાલ શર્મા નામના ટેલીફોન ડિપાર્ટમેન્ટના અધિકારી તરીકે ફોન આવ્યો હતો અને નવ નંબરનું બટન દબાવવા કહ્યું હતું. જે બટન દબાવતા મને સામેથી કહેવાય હતું કે તમારી સામે એફઆઇઆર થઈ છે અને દિલ્હીથી ખરીદેલા આ સીમ કાર્ડ ઉપરથી તમારા દ્વારા બરોડા બેંક દિલ્હીમાં એક સેવિંગ એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું છે. જેથી મેં આ બાબતનો ઇન્કાર કર્યો હતો. ત્યારબાદ મારા ઉપર પોલીસ ઇન્સ્પેક્ટર ગોપેશ કુમારના નામે ફોન આવ્યો હતો અને તેમણે એફઆઇઆરની વાત કરી કુલદીપસિંહ નામના અધિકારી તપાસ કરી રહ્યા છે તેમ કહી એક લેટર મોકલ્યો હતો. જે લેટરમાં પોલીસ સ્ટેશનનું સ્ટેમ્પ પણ દેખાતો હતો. પીઆઇએ કહ્યુ હતું કે તમારા એકાઉન્ટ દ્વારા માની લોન્ડરિંગનો કેસ થયો છે જેમાં એક પોલીસ અધિકારી રાજવીર સિંહ અને સ્ટેટ બેંકના લોબી મેનેજર પણ સામેલ છે પરંતુ તેમને એરેસ્ટ કર્યા નથી. બીજા લોકોને એરેસ્ટ કર્યા તેનો ફોટો જીપમાં લઈ જતા હોય તેવો મોકલ્યો હતો. નિવૃત્ત અધિકારીએ કહ્યું છે કે, ઠગે સીબીઆઈના ડીસીપી સાહેબ વાત કરશે તેમ કહેતા રાજવીર કુમારના નામે વાત કરવામાં આવી હતી. મને વિડીયો કોલ કરવામાં આવ્યો હતો અને આરબીઆઈનો એક લેટર મોકલ્યો હતો. જેમાં મારું નામ લખ્યું હતું અને એરેસ્ટ ઓર્ડર તેમજ ફ્રીજિંગ ઓર્ડર દર્શાવવામાં આવ્યું હતું. મારી પાસે 11 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા અને તેની સ્લીપ પણ મેં તેમને મોકલી હતી. આવી જ રીતે રાજવીર કુમારે ભંડ સુપરવિઝન સર્ટીફીકિટ મોકલી બીજા બે લાખના ટ્રાન્જેક્શનની વાત કરી હતી અને તેમાં 60000 નું ફ્રોડ થયો હોવાનું કહેવાયું હતું. આ રકમ પણ મેં ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ એરેસ્ટ વોરંટ પણ મોકલવામાં આવ્યું હતું અને જામીન માટે દસ લાખ રૂપિયા ભરવા પડશે તેમ કહેવાયું હતું. અને મારા પુત્રને આ બાબતે વાત કરતા એને ફ્રોડ થઈ રહ્યો છે તેમ કહ્યું હતું. જેથી સાયબર સેલનો સંપર્ક કરી પોલીસ ફરિયાદ કરી હતી.

---

**પોલીસની હાજરીમાં જ યુવકને ઢીબી નાખ્યો**

## ગરબામાં એક બીજાને હાથ અડતા બે મહિલા અને અન્ય લોકો વચ્ચે મારામારી, પોલીસે 6 સામે ગુનો નોંધ્યો




વડોદરાના નવાપુરા પોલીસ મથક વિસ્તારમાં આવેલી તાળ ફળિયા વિરભાગતસિંહ ચોક ખાતે ગરબામાં છૂટા હાથે બે મહિલાઓ વચ્ચે મારામારીની ઘટના સામે આવી હતી. આ બનાવ અંગે નવાપુરા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. નવાપુરા પોલીસે છ વ્યક્તિ સામે ફરિયાદ નોધી ત્રણની અટકાયત કરી છે. છૂટા હાથની મારામારીના વિડિયો સામે આવ્યા છે. સાથે પોલીસની હાજરીમાં જ લોકોએ એક યુવકને ઢીબી નાખ્યો હોવાનો વિડિયો સામે આવ્યો છે.નવાપુરા પોલીસે સામ સામે બે ફરિયાદ નોધી છે. બે પરિવાર ભગતસિંહ ચોક ખાતે આવેલ તાળ ફળિયા ગરબામાં ગરબા રમતા હતા, તે દરમ્યાન બે મહિલાઓ વચ્ચે એક બીજાનો હાથ અડી જતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. બાદમાં માથાના વાળ પકડી ખેંચી અને માર મારવા લાગ્યા હતા. સાથે અન્ય શખ્સોએ મહિલાની નણદોઈ અને તેના પતિ સાથે બોલાચાલી કરી ગડદા પાટુંનો માર માર્યો હતો.આ ઘટનાની જાણ થતા તાત્કાલિક નવાપુરા પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ ઘટના બાદ જાહેરમાં પોલીસની હાજરીમાં જ એક યુવકને લોકોએ ઢીબી નાખ્યો હતો. આ ઘટનાને લઈ મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ મારામારી બાદ લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને પોલીસ જ્યારે યુવકને લઈ જઈ રહી હતી, ત્યારે પોલીસની હાજરીમાં જ લોકો તૂટી પડ્યા હતા.આ મામલે નવાપુરા પોલીસ દ્વારા ફરિયાદ નોધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પોલીસે આરોપી કાર્તિક કમલેશભાઈ ચુનારા (ઉ.વ.19 રહે- સુદામાપુરી ઝુંપડપટ્ટી,ઓમકાર સોસાયટીની બાજુમા,આજવા

**એક બીજાનો હાથ અડી જતા મહિલાઓએ વાળ પકડી માર મારવા લાગી**

રોડ,વડોદરા શહેર), શીવ કનુભાઇ લુહાર (ઉ.વ.22 રહે- ડી-103 દેવ રેસીડેન્સી કમલાનગર તળાવની પાસે આજવા રોડ વડોદરા શહેર), સાગર ઠાકોરભાઇ પરમાર (ઉ.વ.22 રહે- હાથડી શેરી બાજવાડા કોટેકોટ મોઢવાડી પાસે વડોદરા શહેર) સહિત અન્ય બે મહિલા સામે કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ત્રણ ઇસમોની અટક કરવામાં આવી છે જ્યારે એક ફરાર છે.

---

**2008માં દરોડો પાડીને 335 બનાવટી સર્ટિફિકેટ કબજે કરાયાં હતાં**

## બનાવટી ડિગ્રી, માર્કશીટ,સર્ટિફિકેટ આપવાના ગુનામાં આરોપી ઝડપાયો

**છેલ્લાં 17 વર્ષથી ફરાર આરોપીને ક્રાઈમ બ્રાંચે મુંબઈથી દબોચ્યો**

પરીક્ષા આપ્યા વગર રૂપીયા લઈ બનાવટી ડિગ્રી,માર્કશીટ તેમજ સર્ટીફિકેટ આપવાના ગુનામાં સંડોવાયેલો અને છેલ્લા 17 વર્ષથી ફરાર આરોપી અભિષેક ધારીવાલની ક્રાઈમ બ્રાંચે મુંબઈથી ધરપકડ કરી હતી.ક્રાઈમ બ્રાંચના પીઆઈ એન.જી.જાડેજાએ જણાવ્યું હતું કે, સયાજીગંજ પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપીંડી સહિતના ગુનામાં સંડોવાયેલો અને ફરાર આરોપી અભિષેક તનસુખલાલ ધારીવાલ (રહે-શાંતીનગર,ભાયંદર,મુંબઈ) હાલમાં મુંબઈના ગોરેગાંવ સ્થિત ઈમ્પીરીયલ હાઈટસ ખાતેના ફ્લેટમાં રહેતો હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ ગોરગાંવ વિસ્તારમાં વોચ રાખીને આરોપી અભિષેકને ઝડપી લીધો હતો.આરોપી અભિષેકે સાથીદારો સાથે મળીને અલકાપુરી આર.સી.દત્ત રોડ પર આવેલી કોન્કર્ડ બિલ્ડીંગના પાંચમા માળે 3 ઓફિસ ભાડે રાખીને ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ નામની શૈક્ષણિક સંસ્થા ખોલી હતી. આ સંસ્થા વર્ષ 2008માં માસ્ટર ઈન મેકેનિકલ એન્જિનીયરીંગની પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં કોઈપણ જાતની ટ્રેનીંગ તેમજ શિક્ષણ આપ્યા વગર તેમજ સંસ્થામાં કોઈ પણ હાજરી વિદ્યાર્થી તરીકે લીધા વગર બનાવટી ડિગ્રી સર્ટીફિકેટ આપતો હતો.છેતરપીંડી કરતા સયાજીગંજ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. પોલીસે 335 બનાવટી સર્ટીફિકેટ કબ્જે કર્યા હતાં. સયાજીગંજ પોલીસે ફરિયાદના આધારે સંસ્થામાં ડિસેમ્બર 2008માં દરોડો પાડીને અલગ અલગ વિદ્યાર્થીઓના નામવાળા 335 ડિગ્રી સર્ટીફિકેટ અને 654 બનાવટી માર્કશીટ કબ્જે કરી હતી. 6 સીપીયું અને રોકડા રૂ.70,560 પણ મળી આવ્યાં હતાં.

---

**એક સ્થળે આંગણવાડી બનાવી તેને અભ્યાસના સ્થળે લઈ જઈ ઈન્સ્ટોલેશન કરાશે.**

## આંગણવાડીની આધુનિક 28 ઈમારતો તૈયાર, સ્થળ ઉપર લઈ જઈને ગોઠવાશે

**19.51 કરોડના ખર્ચે વડોદરામાં 166 આંગણવાડીઓ બનાવવાનું સરકારનું આયોજન**

**ક્યાં-કેટલી આંગણવાડી બનાવાશે**

| તાલુકો | સંખ્યા |
|---|---|
| કરજણ | 16 |
| ડભોઇ | 19 |
| ડેસર | 17 |
| પાદરા | 30 |
| વડોદરા | 16 |
| વાઘોડિયા | 22 |
| શિનોર | 21 |
| સાવલી | 25 |
| કુલ | 166 |



વડોદરાના 8 તાલુકાના ગરીબ-પછાત વર્ગનાં બાળકો નવી આંગણવાડીમાં શિક્ષણ મેળવશે. રાજ્ય સરકારના પ્રયાસો અને ખાનગી કંપનીઓના સહયોગથી નિર્માણાધીન 166 પૈકી 28 અત્યાધુનિક આંગણવાડી તૈયાર થઈ રહી છે.બાળ વિકાસ વિભાગે વડોદરાના 8 તાલુકાનાં ગામોમાં 166 આંગણવાડી બનાવવાનો નિર્ણય લીધો હતો. તમામ આંગણવાડી સરકાર તથા ઈજન્સીથી બની રહી છે. 166 પૈકી 35 આંગણવાડીનું બાંધકામ પૂરું થઈ ચૂક્યું છે. જ્યારે 91નું બાંધકામ શરૂ થઈ ગયું છે અને 40 આંગણવાડીના બાંધકામ માટે ટેન્ડર સહિતની જરૂરી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.હાલમાં બની રહેલી આંગણવાડી પૈકી 28ના બાંધકામમાં અત્યાધુનિક ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે 19.51 કરોડમાં તૈયાર થશે. ટેક્નોલોજી મુજબ સ્થળ પર બાંધકામ કરવાનું રહેતું નથી. આધુનિક ટેક્નિક મુજબ સ્ટીલના ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે આંગણવાડી તૈયાર કરીને જે તે સ્થળ પર લાવવામાં આવશે. આ આંગણવાડીમાં બાળકો માટે જરૂરી તમામ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટૂંકા સમયમાં બનીને તૈયાર થતી આ આંગણવાડી 25 વર્ષ કરતાં વધુ સમય સુધી અડીખમ રહેશે.ગુજરાતમાં પહેલીવાર આંગણવાડીમાં આધુનિક ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અહીં ગરીબ અને પછાત વિસ્તારનાં બાળકો જ્ઞાન મેળવે સાથે તેમને પોષણક્ષમ આહાર મળે તેની કાળજી રખાશે. સુંદર ભીંત ચિત્રો અને જ્ઞાન આપતાં રમકડાં બાળકોને આંગણવાડી તરફ આકર્ષે એવી વ્યવસ્થા કરાઈ છે. સરકારના આ સપનાને સાકાર કરવા અધિકારીઓ પણ કટીબદ્ધ છે.

### મહત્તમ આંગણવાડી સાથે બાળકોના સર્વાંગી વિકાસનો લક્ષ્યાંક

પરંપરાગત રીતે વધુ આંગણવાડી બને એવું લક્ષ્ય છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સર્વાંગી વિકાસ થાય એ જરૂરી છે. પોષણયુક્ત આહાર સાથે બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેના પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. મમતા હીરપરા, જિલ્લા વિકાસ અધિકારી, વડોદરા

### ગત ઓગસ્ટમાં માત્ર 1.8 ટકા બાળકો જ કુપોષિતની શ્રેણીમાં હતા

IDCS શાખાના પ્રોગ્રામ ઓફિસર સાવિત્રી એ. નાથજીએ જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયત અને ICDC કુપોષિત બાળકોના મેડિકલ ચેક અપ કરી સ્થિતિ સુધારે છે. જેથી 62156 બાળકો પૈકી ગત ઓગસ્ટમાં 1132 બાળકો જ કુપોષિતની શ્રેણીમાં રહ્યા હતા. જે કુલ બાળકોના 1.8 % છે. 4858 એટલે કે 7.8 % બાળકો મધ્યમ શ્રેણીમાં હતા. કુપોષિત બાળકોને પોષણ સંગમ કાર્યક્રમ હેઠળ આવરી લઈ એમના પર ખાસ ધ્યાન રખાય છે.

---

## દિવાળીમાં વડોદરા મહાનગર પાલિકા પગાર, પેન્શન વહેલાં ચૂકવશે

દિવાળીને ધ્યાનમાં રાખી પાલિકાના એકાઉન્ટ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં આગામી દિવાળીના તહેવારને અનુલક્ષીને કર્મચારીઓ અને પેન્શનરઓને ઓક્ટોબરનો પગાર તથા પેન્શન વહેલાં ચુકવણી કરવાનું નક્કી કરાયું છે.એકાઉન્ટ વિભાગે જાહેર કરેલા પરિપત્ર મુજબ, બેન્ક દ્વારા પગાર મેળવતાં તમામ કર્મચારીઓના પગાર પત્રકો આઈટી શાખામાં ડેટા એન્ટ્રી માટેના પેરોલના ડેટા ફોર્મ 4 ઓક્ટોબર સુધીમાં મોકલવા, આઇટી શાખામાંથી 8 ઓક્ટોબરે મેળવી લેવા અને ઓડીટ શાખામાં 10 ઓક્ટોબર સુધી રજૂ કરવાના રહેશે. ત્યારબાદ પત્રકો ઓડીટ કરાવી 14 ઓક્ટોબરે હિસાબી શાખાએ ચુકવણા અર્થે મોકલી આપવાના રહેશે.રોજીંદારી અને 11 માસના કરાર આધારીત કર્મચારીઓની 21 સપ્ટેમ્બરથી 8 ઓક્ટોબરની હાજરીની માહિતી 9 તારીખ સુધી આઇટી શાખાને મોકલી આપવાની રહેશે. વિભાગ કરાર આધારિત પત્રક ભરી માહિતી તા.14 સુધીમાં હિસાબી શાખાએ ચુકવણાં અર્થે રજૂ કરવાના રહેશે. પેન્શનના ઓક્ટોબર 2025ના પત્રક પણ 14 ઓક્ટોબર સુધીમાં હિસાબી શાખાએ રજૂ કરવાના રહેશે.

---

**માળખાગત સુવિધા નિર્માણ અંતર્ગત ફતેસિંહને જીવામૃત પ્લાન્ટ નિર્માણ માટે મળી રૂ. 78,000ની સહાય**

## પ્રાકૃતિક ખેતી એટલે સમૃદ્ધિનો દ્વારઃ ફુલાવર, લસણ અને હળદરની ખેતી દ્વારા શ્રી ફતેસિંહ વાઘેલાએ મેળવી રૂ. 13 લાખની આવક



પ્રાકૃતિક ખેતી ધરતી અને ધરતીપુત્ર બન્ને માટે લાભદાઈ છે. આ વાત પોતાની ખેતી દ્વારા પુરવાર કરતા નડિયાદ તાલુકાના ચકલાસી ગામના સુરતાપુરા પરાના 64 વર્ષીય ખેડૂત શ્રી ફતેસિંહ અંબાલાલ વાઘેલાએ તેમની આઠ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરી વાર્ષિક રૂપિયા 13 લાખ જેટલી આવક મેળવી છે. ફતેસિંહે ગત સિઝનમાં સવા વીઘા જમીનમાં ફુલાવરની પ્રાકૃતિક ખેતી કરી રૂ. 2.74 લાખ, દોઢ વીઘા જમીનમાં હળદરની ખેતી કરી 2.80 લાખ અને 2 વીઘા જમીનમાં લસણની ખેતી દ્વારા રૂ. 07 લાખની આવક મેળવી હતી. ખેતીમાં તેમને 2.5 લાખ જેટલો ખર્ચ થયો હતો જેની સામે રૂ. 13 લાખ જેટલી આવક મેળવી તેઓ સફળ ખેડૂત તરીકે પ્રસ્થાપિત થયા છે.આ વર્ષે તેમણે પોતાની 08 વીઘા જમીનમાં ફુલાવર, મૂળા, હળદર અને લસણની ખેતી કરી છે. જેમાં, બે વીઘામાં ફુલાવર, સવા વીઘામાં લસણ, અઢી વીઘામાં મૂળા અને ત્રણ વીઘામાં હળદરની પ્રાકૃતિક ખેતી કરી છે. ફતેસિંહ જણાવે છે કે અગાઉ તેઓ પણ રાસાયણિક ખેતી કરતા હતા, પરંતુ ગ્રામ સેવક તથા અન્ય પ્રગતિશીલ ખેડૂતોની પ્રેરણાથી તેઓ પ્રાકૃતિક ખેતીમાં જોડાયા. આજે તેઓ 5 વર્ષ થી ફક્ત દેશી ગાય અને જીવામૃત આધારિત પદ્ધતિ દ્વારા ખેતી કરે છે.ફતેસિંહે પોતાના ખેતરમાં અધ્યતન જીવામૃત પ્લાન્ટ બનાવ્યો છે. આ પ્લાન્ટમાંથી પાઈપલાઇન જોડાણ દ્વારા સ્વયં સંચાલિત રીતે સીધું જ પાકમાં જીવામૃતનો છંટકાવ કરવામાં આવે છે. માળખાગત સુવિધા નિર્માણ અંતર્ગત ફતેસિંહને જીવામૃત પ્લાન્ટ નિર્માણ માટે રૂ. 78,000 ની સહાય મળેલ છે, જેના માટે તેઓ સરકારશ્રીનો આભાર માને છે. શ્રી ફતેસિંહ વાઘેલા જણાવે છે કે તેઓ આજે પ્રાકૃતિક ખેતી થી તૈયાર કરેલ ફુલાવરને પ્રતિ મણ રૂ. 900/1000 ના ભાવે વેચાણ કરે છે. સામાન્ય રીતે તેઓ ચકલાસી અને આણંદ ખાતે તેમની ખેતપેદાશોનું વેચાણ કરે છે.પ્રાકૃતિક ખેતીની સફળતા થી પ્રેરણા લઈ ફતેસિંહ ખેડા જિલ્લાના અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરે છે.

**નડિયાદ તાલુકાના ચકલાસી ગામના ખેડૂત શ્રી ફતેસિંહ અંબાલાલ વાઘેલા 64 વર્ષે પણ આત્મવિશ્વાસ સાથે કરે છે પ્રાકૃતિક ખેતી**

---

**છેલ્લી ઘડીએ તંત્ર સફાળું જાગ્યું : સીટી, ગોરવા, વાઘોડિયા રોડ અને સમા સહિતના વિસ્તારોમાં ચેકીંગ હાથ ધરાયુ**

## વડોદરામાં દશેરાને લઈને આરોગ્ય વિભાગનું ચેકિંગઃ ફાફડા, જલેબી, ચોળાફળી સહિતના નમૂના લેવાયા



વડોદરા :દશેરાના દિવસે લોકો મોટી સંખ્યામાં ફાફડા અને જલેબી આરોગતા હોય છે. તો આ વખતે છેલ્લી ઘડીએ આરોગ્ય વિભાગ ફાફડા જલેબીની ગુંવત્તાને લઈને સફાળું જાગ્યું હોય તેમ લાગી રહ્યું છે. દશેરાના એક દિવસ પહેલા જ સીટી, ગોરવા, વાઘોડિયા રોડ અને સમા સહિતના વિસ્તારોમાં આરોગી વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગમાં વિવિધ વિક્રેતાને ત્યાં થી ફૂડના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ફાફડા, જલેબી, ચોળાફળીનાં નુમના લેવામાં આવ્યા છે. તેમાં જો ચૂક જણાશે તો વિક્રેતા વિરુધ્ધ કડક પગલાં લેવામાં આવશે.વડોદરામાં દશેરાને લઈને આરોગ્ય વિભાગ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફરસાણની દુકાન પરથી પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવ્યાં હતાં. ફાફડા, ચોળાફળી અને જલેબીની ગુણવત્તા ચેક કરવામાં આવી હતી. સેમ્પલમાં ભેળસેળ જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે તેમ પાલિકાની ટીમ દ્વારા જણાવવામાં આવ્યું હતું.વડોદરા શહેરની જાહેર જનતાનાં આરોગ્યને ધ્યાને રાખી વડોદરા મહાનગરપાલિકાનાં મ્યુનિસિપલ કમિશ્નરની સુચનાં મુજબ ડેઝીગ્રેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદાર દ્વારા હાલમાં ચાલી રહેલ નવરાત્રી અને આવનાર દશેરાના તહેવારને ધ્યાને રાખીને ખોરાક શાખાનાં ફૂડ સેફટી ઓફીસરો ની જુદી-જુદી ટીમો બનાવી વડોદરા શહેરનાં જુદા-જુદા વિસ્તારોમાં આવેલ ખાધ્ય ચીજોનું વેચાણ કરતી દુકાનોમાં સઘન ઇન્સ્પેકશનની કામગીરી કરવામાં આવી રહી છે. દશેરા તહેવારને લઇ વડોદરામાં કરોડોના ફાફડા-જલેબીનું વેચાણ થશે તેવું વેપારીઓ આશા વ્યક્ત કરી છે.

---

## વડોદરા ર જી ઓકટોમ્બરના યોજાનાર ખાસ ગ્રામ સભામાં આદર્શ બાળ મિત્ર ગામનો સંકલ્પ લેવાશે

રાજ્યમાં 2જી ઓક્ટોમ્બર-2025ના રોજ ખાસ ગ્રામ સભાઓનું આયોજન થયેલ છે. જેમાં વડોદરા જિલ્લામાં પણ ખાસ ગ્રામ સભાઓ યોજાવવાની છે. જેમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ તથા વિકાસ કમિશનરશ્રીની કચેરી (પંચાયત શાખા) તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની જરૂરી સૂચનાઓ મુજબ દરેક ગામમાં બાળકોના મૂળભૂત અધિકારો જેવા કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, સુરક્ષા અને બાળકોની સહભાગિતા સુનિશ્ચિત કરવા માટે દરેક ગામને આદર્શ બાળ મિત્ર ગામ બનાવવા સંકલ્પ લેવામાં આવે તેવી પહેલ કરવા માટે ગ્રામ સભામાં આયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલ સંકલ્પ પત્ર મુજબ ઠરાવ પસાર કરવા જણાવવામાં આવે છે. જેમાં ગામના તમામ બાળકીનો શાળામાં પ્રવેશ અને હાજરી સુનિશ્ચિત કરીશું. કોઈપણ બાળક ચાલુ અભ્યાસે શાળા છોડી ન જાય તે માટે કાળજી રાખીશું. ગામના તમામ બાળકોની નિયમિત રીતે સ્વાસ્થયની કાળજી લેવા આરોગ્ય ચકાસણી અને રસીકરણ કરાવીશું, ગામના બાળકો આંગણવાડી તેમજ મધ્યાહન ભોજન યોજનાનો લાભ મેળવેતે સુનિશ્ચિત કરીશું. ગામના બાળકોને કોઈપણ પ્રકારની હિંસા, શોષણ તેમજ ભેદભાવથી સુરક્ષિત કરીશું. ગામને બાળ વિવાહ મુક્ત ગામ બનાવીશું અને ગામમાં બાળ વિવાહ થતા અટકાવીશું. ગામનુ કોઈપણ બાળક બાળ મજુરી કરશે નહીં અને ગામને બાળ મજુરી મુક્ત ગામ બનાવીશું. ગામમાં નિયમિત બાળ પંચાયત યોજી બાળકોના મુદ્દાઓને પ્રાથમિકતા આપીશું. બાળકો માટેની ચાઈલ્ડ લાઈન - ટોલ ફ્રી નંબર 1098(112)થી વાકેફ કરીશુ. આમ સર્વાનુમતે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ગામને આદર્શ બાળ મિત્ર ગામ બનાવીશું, જ્યાં દરેક બાળક સ્વસ્થ શિક્ષિત, સુરક્ષિત અને આનંદિત રહે તેવા સંકલ્પ સાથે નસ્ત્રબાળ સુરક્ષા જવાબદારી આપણી સૌનીસ્ત્રસ્ત્ર સુત્રને સૌ સાથે મળી સાકાર કરીએ.

■ OWNER : VNN NEWS TV PRIVATE LIMITED ■ Publisher, and Printer by SHAH ANIKET RAJKUMAR and Printed at : "SHIV GRAPHICS", GF-17, Chhatrapati Shivaji Complex, Sant Kabir Road, Opp. Dr. Harish Patel Hospital, Opp. Manjulaben Primary School, Baranpura, Vadodara and ■ Published From : 425, VIHAV TRADE CENTRE, NEAR WAVES CLUB BHAYLI, VADODARA, GUJARAT - 391440. * RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB. ACT. Editor : SHAH ANIKET RAJKUMAR M. 8092809292